ફોન : ૨૪૩૯૪૨ / ૨૪૩૯૪૩
ફાયરબ્રિગેડ : ૨૪૩૧૦૧

# આણંદ નગરપાલિકા, આણંદ

મહાત્માગાંધી માર્ગ, આણંદ – ૩૮૮ ૦૦૧
(જિલ્લો આણંદ)

150 YEARS OF CELEBRATING THE MAHATMA

જાવક નંબર: AM/F– ૭૪૨ ... તા. ૯/૩/૨૦૨૦

## પ્રોવિઝનલ એન.ઓ.સી.

પ્રતિશ્રી
અર્થ આઈકોન
(ડ્રીમલેન્ડ એસોસીએટસ)
પોલ ફેકટરી, એલીકોન કંપીન પાસે,
વિઠ્ઠલ ઉદ્યોગનગર, તા.જી.આણંદ

**વિષય:– મોજે કરમસદ તા.જી. આણંદના સીટી સર્વેનં.૩૭૫/૧/અ(જુનો સર્વે નં.૩૭૪/૧ પૈકી ૩૭૫/૧અ, ૩૭૫/૨અ તથા ૩૭૬)વાળી જમીનમાં બી+જી+૪ વાણીજય હેતુ માટે અગ્નિશામક વિભાગનું પ્રોવિઝનલ ફાયર એન.ઓ.સી. આપવા બાબત.**

જયભારત સહ ઉપરોક્ત વિષય પરત્વે સંદર્ભ પત્રથી જણાવવાનું કે આપશ્રી તરફથી તા.૪/૩/૨૦૨૦ના રોજ ન.પા. કચેરીને પત્ર તથા નકશા સહિત ફાઈલ રજુ કરી જેમાં વાણીજય પ્રકારના બાંધકામમાં દર્શાવેલ સ્થળ માટે અગ્નિશમન વિભાગનું પ્રોવિઝનલ ફાયર એન.ઓ.સી. મેળવવા માંગણી કરવામાં આવેલ છે તે સંદર્ભે સદર વાણીજય પ્રકારના બિલ્ડીગના નકશામાં બતાવેલ ફાયર ફાયટીગની જરૂરી સુવિધાઓનો ચુસ્ત અમલ જીડીસીઆર અને ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક વિધેયક–૨૦૧૩ અને તે હેઠળના નિયમો–૨૦૧૪ તેમજ રેગ્યુલેશન–૨૦૧૬ મુજબ ફાયર સેફટીની સુવિધા કરવાની રહેશે.

આ ઉપરાંત જરૂર પડે સમયાંતરે ફાયરબ્રિગેડ ડીપાર્ટમેન્ટ તરફથી મળતી સુચના પ્રમાણેનું અનુપાલન કરવાનું રહેશે.જે આપ અર્થ આઈકોન અથવા તેનો ઉપયોગ કરનારના શીરે રહેશે.

સદર આપેલ સુચનો તથા નકશામાં બતાવેલ ફાયર સીસ્ટમ ત્રણ મહીનામાં પુર્ણ કરવાની રહેશે. ત્યારબાદ નિયમોનુસાર અરજી કરી લાગત ભર્યા બાદ અત્રેથી ફાઈનલ એન.ઓ.સી. આપવામાં આવશે.

ANAND TOWN ...

ફાયર સુપ્રિટેન્ડેન્ટ,
આણંદ નગરપાલિકા, આણંદ.

રજીસ્ટર પોસ્ટ એ.ડી.

વિષય :– મોજે : કરમસદ, તા.જિ.આણંદના નવો સર્વે નં.૩૭૫/૧/અ (જુનો સર્વે નં.૩૭૪/૧/પૈકી, ૩૭૫/૧/અ, ૩૭૫/૨/અ તથા ૩૭૬) વાળી ૪૭૩૩–૫૫ ચો.મી. જમીનનો **શોપ+ઓફિસના** હેતુસર બીનખેતીનો ઉપયોગ કરવા જમીન મહેસુલ સંહીતાની કંલમ–૬૫(એ)/૬૭ હેઠળ હેતુફેરની રીવાઈઝ પરવાનગી આપવા બાબત.

નં.જમન–૧/એન.એ/૬૫(એ)–૬૭/એસ.આર/૧૪૨/
૨૦૧૮–૧૯/ વશી/ ૫૯૦૨ થી ૫૯૧૧
જિલ્લા કલેકટરની કચેરી,
આણંદ. તા. ૨૦ /૦૫/૨૦૧૯.

## વંચાણમાં લીધા :–

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : બખપ/૧૦૦૬/૪૨૫/ક, તા.૦૧/૦૭/૨૦૦૮

(૨) અરજદાર કોમેન્ટ પેઈન્ટસ પ્રા.લી. વિ.વિ.નગરના ડાયરેકટર, શ્રી પરેશ આનંદ અમીનની તા.૧૫/૦૪/૨૦૧૭ ની અરજી તથા તા.૨૯/૦૬/૨૦૧૭, તા.૦૫/૦૨/૨૦૧૮, તા.૦૭/૦૭/૨૦૧૮, તા.૧૯/૧૧/૨૦૧૮ તથા તા.૧૮/૦૧/૨૦૧૯ ના રોજની પુનઃ અરજી

(૩) મામલતદારશ્રી, આણંદ (ગ્રામ્ય) ના પત્ર નં.જમન/ક.૬૫/એસ.આર./૧૭/૧૭/વશી, તા.૨૩/૦૫/૨૦૧૭ તથા પત્ર નં.જમન/ક.૬૫(એ)–૬૭/એસ.આર/૧૪/૨૦૧૯/વશી/૩૨૨, તા.૧૧/૦૩/૨૦૧૯.

(૪) નાયબ કલેકટરશ્રી, આણંદના પત્ર નં.એન.એ./એસ.આર./૧૦૧/૧૭/વશી/૧૧૬૯, તા.૨૯/૦૫/૨૦૧૭ તથા પત્ર નં.એન.એ./એસ.આર./૨૮/૧૯/વશી/૩૮૫/૧૯, તા.૦૫/૦૪/૨૦૧૯ થી પુરાં થતાં કાગળો.

(૫) મામલતદારશ્રી, સિંચાઇ દર વસુલાત, આણંદના પત્ર જા.નં.આઈઆરઆર/એડીએમ/વશી/ ૧૮૯/૨૦૧૭, તા.૦૧/૦૫/૨૦૧૭

(૬) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (રાજય) વિભાગ, આણંદના પત્ર જા. નં.સીબી/ ૩૪૯૧/સને.૨૦૧૭, તા.૨૯/૦૬/૨૦૧૭ તથા કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ, આણંદના પત્ર જા.નં.ડીબી./એન.એ./અભિપ્રાય/વશી/૨૨૧, તા.૩૦/૦૬/૨૦૧૭.

(૭) કાર્યપાલક ઈજનેરશ્રી, આણંદ સિંચાઈ વિભાગ, આણંદના પત્ર જા.નં.આ.સિંવિ./ડી.બી./ એન.એ./૧૭૭૯/સને.૨૦૧૭, તા.૨૪/૦૫/૨૦૧૭ તથા કાર્યપાલક ઈજનેરશ્રી, આણંદ સિંચાઈ વિભાગ, આણંદના પત્ર જા.નં.ડી.બી./એન.એ./વશી/૧૭૭૯/સને.૨૦૧૮, તા.૨૪/૦૫/૨૦૧૭.

(૮) મામલતદાર અને કૃષિપંચશ્રી, આણંદના પત્ર નં.ટીએનસી/વશી/૫૫૯, તા.૩૦/૧૦/૨૦૧૮

(૯) નાયબ કલેકટર અને જમીન સંપાદન અધિકારીશ્રી, આણંદના પત્ર નં. એન.એ./એસ.આર./ ૭૧/૨૦૧૭/વશી/૭૯૩, તા.૦૨/૦૫/૨૦૧૭.

(૧૦) નાયબ કલેકટરશ્રી, જ. સુ. અને અપીલ, આણંદના પત્ર નં.ગણત–૧ / વશી / ૨૦૮૦, તા.૦૩/૧૨/૨૦૧૮.

(૧૧) શાખાધ્યક્ષશ્રી, જમન–૨ શાખા, કલેકટર કચેરી, આણંદના પત્ર નં. જમન–૨/અભિપ્રાય/ વશી/૨૮૬૬, તા.૦૫/૦૫/૨૦૧૭.

(૧૨) નાયબ કલેકટરશ્રી, કલેકટર કચેરી, આણંદના પત્ર નં.જ.સં./બિ.ખે.પ/વશી/૧૩૪/૧૭, તા.૧૮/૦૫/૨૦૧૭

(૧૩) સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના નોટીફીકેશન નં. જીએચવી/૧૪૦/૨૦૧/યુડીએ/૧૮૨૦૧૨/૭૪૩/એલ., તા. ૨૮/૦૮/૨૦૧૨.

(૧૪) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, આણંદ–વલ્લભવિદ્યાનગર–કરમસદ શહેરી વિકાસ સત્તામંડળ, આણંદના પત્ર નં.અવકુડા/લે.આઉટ/વશી/૪૭૮, તા.૧૩/૦૪/૨૦૧૭

(૧૫) અત્રેની કચેરીના પત્ર નં.જમન–૧/એન.એ./૬૫(એ)–૬૭/એસ.આર./૧૪૨/૨૦૧૮–૧૯/વશી/૫૨૩૦, તા.૦૫/૦૪/૨૦૧૯.

(૧૬) અરજદારશ્રીએ તા.૦૮/૦૪/૨૦૧૯ ની અરજી સાથે રજૂ કરેલ અસલ ચલનો તથા પહોંચ.

(૧૭) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, આણંદના પત્ર નં.તજર/બુક/આણંદ/વશી/૧૬૩૦, તા.૧૫/૦૪/૨૦૧૯.

<u>હુ ક મ</u> :–

મોજે : કરમસદ, તા.જિ.આણંદના નવો સર્વે નં.૩૭૫/૧/અ (જુનો સર્વે નં.૩૭૪/૧/પૈકી, ૩૭૫/૧/અ, ૩૭૫/૨/અ તથા ૩૭૬) વાળી ૪૭૩૩–૫૫ ચો.મી. જમીન ૭/૧૨ ના રેકર્ડમાં કોમેન્ટ પેઈન્ટસ પ્રા.લી. વિ.વિ.નગરના ડાયરેકટર, શ્રી પરેશ આનંદભાઈ અમીનના નામે ચાલે છે. જે જમીનનો **<u>શોપ+ઓફિસના</u>** હેતુસર બિનખેતીનો ઉપયોગ કરવા માટે મુખ્ય કારોબારી અધિકારીશ્રી, આણંદ–વલ્લભવિદ્યાનગર–કરમસદ શહેરી વિકાસ સત્તામંડળ, આણંદના તા.૧૩/૦૪/૨૦૧૭ ના આમુખ–(૧૪) માં દર્શાવેલ પત્રથી **<u>શોપ+ઓફિસના</u>** હેતુ માટેના પ્લાન મંજુર કરેલ છે. જે મંજુર કરેલ પ્લાન મુજબ **<u>કુલ ૪૭૩૩–૫૫ ચો.મી.</u>** જમીનમાં બીનખેતીનો ઉપયોગ કરવા અરજદારશ્રીએ આમુખ–(૨) થી અરજી કરેલ છે.

સદર કામે મામલતદારશ્રી, આણંદ (ગ્રામ્ય) મારફતે જરૂરી તપાસ કરાવેલ છે. જે અંગે મામલતદારશ્રી, આણંદ (ગ્રામ્ય)એ નિયત ચેકલીસ્ટમાં દરખાસ્ત તૈયાર કરી સવાલવાળી જમીનના સર્વે નં.૩૭૪, ૩૭૫, ૩૭૬ વાળી જમીનમાં હાલ પરેશભાઇ આનંદભાઇ અમીનનાઓનું નામ ચાલે છે. જમીન રજી.દસ્તાવેજથી રાખેલ છે. જેની ૩૬૦૨૯ નોંધ પડેલ છે. જે પ્રમાણિત થયેલ છે. જમીનની સને ૧૯૫૦–૫૧ થી તમામ ૭/૧૨ તથા નં.૬ ની નકલો રજુ કરવામાં આવેલ છે. તથા તેની યાદી બનાવીને ટાઇટલ કલીયાર ચાર્ટ બનાવી પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. સવાલવાળી જમીનની સ્થળસ્થિતીની ખાત્રી કરેલ છે. પંચો રૂબરૂ પંચકયાસ કરેલ છે. જે પ્રકરણે રજુ કરવામાં આવેલ છે. સવાલવાળી જમીનમાં કબજેદારોનો રૂબરૂ જવાબ મેળવવામાં આવેલ છે. પ્રશ્નવાળી જમીનમાં હાલ મંજુર થયેલ રીવાઇઝડ પ્લાન મુજબ ૭૦ થી ૮૦ ટકા કામગીરી પુર્ણ કરેલ છે. હાલ સ્થળે બાંધકામ છે. જે બાંધકામ અંગે નિયમનુસાર દંડ ભરવા અરજદાર સમંત છે સવાલવાળી જમીનની આજુબાજુમાં રહેણાંક તથા વાણિજય વિસ્તાર આવેલ છે. જમીનમાંથી કે તેની આજુબાજુમાંથી રા.ધોરીમાર્ગ, રા.માર્ગ, જિ.માર્ગ, રેલ્વેલાઈન, વિજળી લાઈન, કાંસ કેનાલ પસાર થતી નથી. તથા ફેરફાર નોંધોની ટૂંકી વિગતો દર્શાવતું પત્રક તૈયાર કરી જમીનનું ટાઈટલ કલીયર હોવા બદલ પ્રમાણપત્ર આપેલ છે. સવાલવાળી જમીનમાં બીનખેતીની પરવાનગી આપવા માટે હકારાત્મક અભિપ્રાય સાથે આમુખ–(૩) ના પત્રથી દરખાસ્ત નાયબ કલેકટરશ્રી, આણંદને મોકલી

આપેલ છે. જે દરખાસ્ત નાયબ કલેકટરશ્રી, આણંદએ દંડની રકમ વસુલ લઇ બીનખેતી પરવાનગી આપવા હકારાત્મક અભિપ્રાય સહ આમુખ–(૪) ના પત્રથી અત્રે મોકલી આપેલ છે.

મામલતદારશ્રી, સિંચાઈ દર વસુલાત, આણંદએ આમુખ–(૫) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીનના કબજેદારશ્રી ખાતે સિંચાઈ પિયાવાની રકમ બાકી નથી તેમ જણાવેલ છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (રાજય) વિભાગ, આણંદએ તથા કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન, (પંચાયત) વિભાગ, આણંદએ આમુખ–(૬) ના પત્રોથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીન અત્રેની કચેરી હસ્તકના આણંદ–કરમસદ–સોજીત્રા રોડ રાજય ધોરીમાર્ગના રસ્તા ઉપર બાંધકામ અને ઔદ્યોગિક વિસ્તારમાં આવેલ છે. અરજદારે રસ્તાની મધ્યબિંદુથી ૩૬–૫૦ (છત્રીસ પોઇન્ટ પચાસ) મીટર દુર અંગરે શોપ/ઓફિસના હેતુસર બાંધકામ કરવાની મંજુરી માંગેલ છે. જે મુજબનું અંતર છોડી અરજદારને ફકત શોપ/ઓફિસના હેતુસર બીનખેતી અંગેની મંજુરી આપવામાં આવે તો આ વિગતને વાંધા સરખુ નથી તથા સદર જગ્યા પાસેથી પંચાયત હુસ્તકનો રસ્તો પસાર થતો ન હોઇ. અત્રેથી અભિપ્રાય આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેમ જણાવેલ છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, આણંદ સિંચાઈ વિભાગ, આણંદએ આમુખ–(૭) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીન પત્રમાં દર્શાવેલ શરતોને આધિન રહીને બીનખેતીના ઉપયોગ કરવા પરવાનગી આપવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે. તેમ જણાવેલ છે.

મામલતદાર અને કૃષિપંચશ્રી, આણંદએ આમુખ–(૮) ના પત્રથી જણાવ્યા મુજબ સર્વે નં.૩૭૪/૧/પૈકી વાળી અંગેના રેકર્ડથી ખાત્રી કરતા સવાલવાળી જમીનમાં મે.કલેકટર સાહેર આણંદના તા.૧૯/૧૨/૨૦૧૬ ના હુકમથી ગ.ધા.ક.૪૩ ની પરવાનગી આપવામાં આવેલ છે. જેથી ગણોતધારામાં વાંધા સરખુ નથી જે વિગતો ધ્યાને લેતા ગણોતધારામાં વાંધા સરખુ નથી. સર્વે નં.૩૭૫/૧/અ વાળી જમીનમાં ૬૨૨૦ થી મોહનભાઈનું નામ દાખલ થયુ ૬૨૯૭ થી મોહનભાઈનું નામ કમી થયેલ છે ત્યારબાદ નોંધ નં.૧૧૪૨૭ મુજબ સવાલવાળી જમીન અંગે ગણોતકેસ ચાલી જતા જમીન માલિકને ૮૮–બી નું પ્રમાણપત્ર મળેલ હોઇ તપાસ બંધ કરવા હુકમ થયેલ છે. જે વિગતો ધ્યાને લેતા ગણોતધારામાં વાંધા સરખુ નથી. સર્વે નં.૩૭૫/૨/અ વાળી જમીનમાં ૫૧૮૫ થી મેલાભાઇનું નામ દાખલ થયુ ત્યારબાદ નોંધ નં.૬૨૨૦ થી મોહનભાઇ ખોડાભાઇનું નામ દાખલ થયુ ત્યારબાદ નોંધ નં.૬૨૯૭ થી મોહનભાઇનું નામ કમી થયેલ છે. ત્યારબાદ નોંધ નં.૧૧૪૨૭ થી ગણોતકેસ ચાલી જતા જ.મા. ને ૮૮–બી નું પ્રમાણપત્ર મળેલ હોઇ તપાસ બંધ કરવા હુકમ થયેલ છે. જે વિગતો ધ્યાને લેતા ગણોતધારામાં વાંધા સરખુ નથી. સર્વે નં.૩૭૬ વાળી જમીનમાં નોંધ નં.૫૧૮૫ થી ગણોતીયા તરીકે ઝવેરભાઇનું નામ દાખલ થયેલ જે નોંધ નં.૬૧૦૧ થી તેમનું નામ કમી થયેલ છે. જે વિગતો ધ્યાને લેતા ગણોતધારામાં વાંધા સરખુ નથી. સવાલવાળી જમીન અંગે ટોચમર્યાદાનું એફિડેવીટ સામેલ ન હોઈ અભિપ્રાય આપી શકાય નહિ. અત્રે ઉપલબ્ધ રેકર્ડથી ખાત્રી કરતા સવાલવાળી જમીન અંગે અત્રેની કચેરીએ કોઇ કેસ ચાલુમાં નથી. સવાલવાળી જમીન જુની શરતની જણાઇ આવે છે. તેવો અભિપ્રાય આપેલ છે.

નાયબ કલેકટર અને જમીન સંપાદન અધિકારીશ્રી, આણંદએ આમુખ–(૯) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીનની જમીન સંપાદનની દરખાસ્ત તેઓની કચેરીમાં ચાલતી નથી

તથા સવાલવાળી જમીનના માલિકીપણા અંગે કેસ, વિવાદ કે અપીલના મુદ્દે કોઈ કાર્યવાહી ચાલુમાં નથી.

નાયબ કલેકટરશ્રી, જ. સુ. અને અપીલ, આણંદના આમુખ–(૧૦) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીન અંગે ગણોતધારાની કલમ–૭૪ હેઠળ કોઈ અપીલ કે કલમ–૭૬.અ મુજબ કોઈ રીવીઝન ચાલુમાં નથી. આમ, સવાલવાળી જમીનમાં બીનખેતી પરવાનગી આપવા અંગે હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

શાખાધ્યક્ષશ્રી, જમન–૨ દફતર, કલેકટર કચેરી, આણંદના આમુખ–(૧૧) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીન અંગે હાલ આર.ટી.એસ. રજીસ્ટરે કોઈ આર.ટી.એસ. / રીવીઝન અંગેનો વિવાદ ચાલુમાં નથી. જેથી સવાલવાળી જમીનમાં બીનખેતી પરવાનગી આપવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

નાયબ કલેકટરશ્રી, આણંદે આમુખ–(૧૨) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીન અંગે અત્રેની કચેરી હેઠળ (૧) બગોદરા–વટામણ–તારાપુર–વાસદ રોડ છ માર્ગીય રોડ (૨) નેશનલ હાઈવે નં.૮ છ માર્ગીય કરણ (૩) ડેડીકેટેડ ફ્રાઈટ કોરીડોર રેલ પરિયોજનના અંતર્ગત ચાલતા પ્રોજેકટમાં જમીન સંપાદનની કાર્યવાહી ચાલુમાં નથી. તેમ જણાવેલ છે.

સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના આમુખ–(૧૩) ના તા.૨૮/૦૮/૨૦૧૨ ના નોટીફીકેશનથી આણંદ નગરપાલિકા, વલ્લભ વિદ્યાનગર નગરપાલિકા, કરમસદ નગરપાલિકાનો સમાવેશ " આણંદ–વિદ્યાનગર–કરમસદ શહેરી વિકાસ ઓથોરીટી "(AVKUDA) માં કરવામાં આવેલ છે. જે ઓથોરીટીમાં કલેકટરશ્રી, આણંદને ચેરમેન તરીકે તથા પ્રાંત અધિકારીશ્રી, આણંદને મુખ્ય કારોબારી અધિકારી તરીકે નિયુકત કરવામાં આવેલ છે.

**મોજે : કરમસદ, તા.જિ.આણંદના નવો સર્વે નં.૩૭૫/૧/અ (જુનો સર્વે નં.૩૭૪/૧/પૈકી, ૩૭૫/૧/અ, ૩૭૫/૨/અ તથા ૩૭૬) વાળી ૪૭૩૩–૫૫ ચો.મી. જમીન અંગેના હકકપત્રકમાં નીચે મુજબની ફેરફાર નોંધો પડેલ છે.**

| ક્રમ | નોંધ નંબર | તારીખ | નોંધની ટુંકી વિગત |
|---|---|---|---|
| | | સર્વે નં.૩૭૪/૧/પૈકી | |
| ૧ | ૪૬૪૭ | ૧૨/૦૯/૧૯૪૬ | વારસાઈ અંગેની નોંધ |
| ૨ | ૪૬૪૮ | ૧૨/૦૯/૧૯૪૬ | વારસાઈ અંગેની નોંધ |
| ૩ | ૫૧૮૫ | – | સં.ગ. હકક પ્રાપ્ત અંગેની નોંધ |
| ૪ | ૫૫૦૪ | /૦૫/૧૯૫૩ | ટુકડાની નોંધ |
| ૫ | ૬૦૯૮ | – | સા.ગ.હુકમ અંગેની નોંધ |
| ૬ | ૬૧૦૧ | – | સં.ગ.નામ કમી અંગેની નોંધ |
| ૭ | ૬૫૨૦ | ૨૮/૧૨/૧૯૫૬ | દુરસ્તી પત્રક અંગેની નોંધ |
| ૮ | ૭૧૨૩ | ૨૯/૦૮/૧૯૬૧ | વારસાઈ અંગેની નોંધ |
| ૯ | ૭૧૨૭ | ૦૧/૦૯/૧૯૬૧ | વારસાઈ અંગેની નોંધ |
| ૧૦ | ૯૧૦૪ | ૨૬/૧૧/૧૯૬૫ | ગ.ધા.ક.૩૨ યુ હુકમ અંગેની નોંધ |
| ૧૧ | ૯૧૦૫ | ૨૬/૧૧/૧૯૬૫ | ગ.ધા.ક.૩૨ પી. હુકમ અંગેની નોંધ |
| ૧૨ | ૧૧૨૯૯ | ૨૫/૦૧/૧૯૬૮ | ટુકડાકમીની નોંધ |
| ૧૩ | ૧૧૪૨૬ | ૦૭/૦૮/૧૯૬૬ | ગણોત વેચાણ અંગેની નોંધ |
| ૧૪ | ૧૧૭૯૭ | ૧૬/૦૨/૧૯૬૬ | વારસાઈ અંગેની નોંધ |

| | | | |
|---|---|---|---|
| ૧૫ | ૧૨૨૫૯ | ૨૧/૧૨/૧૯૬૭ | ટ્રી.હુકમ અંગેની નોંધ |
| ૧૬ | ૧૨૨૯૯ | ૨૫/૦૧/૧૯૬૮ | ટુકડા કમી અંગેની નોંધ |
| ૧૭ | ૧૪૫૧૯ | ૨૪/૦૧/૧૯૭૨ | વહેંચણ અંગેની નોંધ |
| ૧૮ | અ-૧૪૫૧૯ | ૨૪/૦૧/૧૯૭૨ | નામ દાખલ અંગેની નોંધ |
| ૧૯ | ૧૫૦૨૪ | ૨૮/૧૧/૧૯૭૩ | જમીન સંપાદનના હુકમ અંગેની નોંધ |
| ૨૦ | ૧૭૦૦૧ | ૦૭/૦૭/૧૯૭૯ | હુકમ અંગેની નોંધ |
| ૨૧ | ૨૬૨૩૨ | ૨૭/૦૬/૧૯૯૬ | વીલ અંગેની નોંધ |
| ૨૨ | ૨૬૩૩૨ | ૨૧/૦૯/૧૯૯૬ | વારસાઇ અંગેની નોંધ (રદ) |
| ૨૩ | ૨૬૩૩૩ | ૨૧/૦૯/૧૯૯૬ | નામ કમી અંગેની નોંધ (રદ) |
| ૨૪ | ૨૬૬૭૩ | ૧૮/૦૩/૧૯૯૭ | વારસાઇ અંગેની નોંધ |
| ૨૫ | ૨૬૩૭૪ | ૦૮/૦૫/૧૯૯૮ | હુકમ અંગેની નોંધ |
| ૨૬ | ૩૨૫૬૩ | ૨૮/૦૬/૨૦૦૫ | હુકમ અંગેની નોંધ (રદ) |
| ૨૭ | ૩૫૫૧૬ | ૧૫/૦૫/૨૦૦૮ | વારસાઇ અંગેની નોંધ |
| ૨૮ | ૩૫૭૩૮ | ૨૨/૦૭/૨૦૦૮ | જમીન સંપાદન એવોર્ડ અંગેની નોંધ |
| ૨૯ | ૩૬૦૨૯ | ૦૩/૧૧/૨૦૦૮ | વેચાણ અંગેની નોંધ |
| ૩૦ | ૩૬૧૪૯ | ૨૧/૧૧/૨૦૦૮ | વેચાણ અંગેની નોંધ (રદ) |
| ૩૧ | ૩૬૪૨૯ | ૧૬/૦૨/૨૦૦૯ | લીઝ ભાડાપટ્ટા અંગેની નોંધ |
| ૩૨ | ૩૬૪૩૦ | ૧૬/૦૨/૨૦૦૯ | લીઝ ભાડાપટ્ટા અંગેની નોંધ |
| ૩૩ | ૪૪૨૯૨ | ૧૫/૦૪/૨૦૧૪ | કબજેદાર નામફેર અંગેની નોંધ |
| ૩૪ | ૪૫૧૭૦ | ૦૪/૧૨/૨૦૧૪ | હુકમ અંગેની નોંધ |
| ૩૫ | ૪૭૧૮૬ | ૦૭/૦૪/૨૦૧૬ | હુકમ અંગેની નોંધ |
| ૩૬ | ૪૭૭૬૫ | ૨૬/૦૮/૨૦૧૬ | હુકમ અંગેનીનોંધ |
| ૩૭ | ૪૮૨૫૪ | ૧૯/૦૧/૨૦૧૭ | હુકમ અંગેની નોંધ |
| | | | **સર્વે નં.૩૭૫/૨/અ** |
| ૩૮ | ૪૮૯૫ | ૦૬/૦૧/૧૯૪૮ | બક્ષિસ અંગેની નોંધ |
| ૩૯ | ૫૧૮૫ | - | સં.ગ. હકક પ્રાપ્ત અંગેની નોંધ |
| ૪૦ | ૫૫૦૪ | /૦૫/૧૯૫૩ | ટુકડા અંગેની નોંધ |
| ૪૧ | ૬૨૨૦ | ૨૧/૦૮/૧૯૫૬ | સ.ગ. નામ દાખલ અંગેની નોંધ |
| ૪૨ | ૬૨૯૭ | ૨૯/૦૮/૧૯૫૬ | સા.ગ. નામ કમી/દાખલ અંગેની નોંધ (નામંજુર) |
| ૪૩ | ૬૮૧૧ | ૧૫/૧૧/૧૯૫૮ | નામ કમી/દાખલ અંગેની નોંધ |
| ૪૪ | ૭૫૯૪ | ૧૯/૧૧/૧૯૬૨ | વેચાણ અંગેની નોંધ |
| ૪૫ | ૧૧૪૨૭ | ૦૭/૦૮/૧૯૬૬ | ૮૮ ખ નું પ્રમાણપત્ર અંગેની નોંધ |
| ૪૬ | ૧૨૨૯૯ | ૨૫/૦૧/૧૯૬૮ | ટુકડા કમીની નોંધ |
| ૪૭ | ૨૧૫૬૫ | ૧૬/૦૯/૧૯૮૮ | વેચાણ વેરાનો બોજો દાખલ અંગેની નોંધ |
| ૪૮ | ૩૫૫૨૪ | ૧૭/૦૫/૨૦૦૮ | બોજા મુકિત અંગેની નોંધ (રદ) |
| ૪૯ | ૩૮૩૦૧ | ૨૬/૦૭/૨૦૧૦ | બોજા મુકિત અંગેની નોંધ |
| ૫૦ | ૩૮૭૫૦ | ૨૯/૧૧/૨૦૧૦ | બોજા મુકિત અંગેની નોંધ (રદ) |
| ૫૧ | ૪૪૨૯૩ | ૧૫/૦૪/૨૦૧૪ | કબજેદાર નામફેર અંગેની નોંધ |
| | | | **સર્વે નં.૩૭૬** |
| ૫૨ | ૪૩૧૭ | ૧૪/૦૬/૧૯૪૫ | વેચાણ અંગેની નોંધ |
| ૫૩ | ૫૧૮૫ | - | સં.ગ. હકક પ્રાપ્ત અંગેની નોંધ |
| ૫૪ | ૫૪૦૧ | ૦૫/૦૧/૧૯૫૨ | દુરસ્તી પત્રક નં.૫ અંગેનીનોંધ |
| ૫૫ | ૫૫૦૪ | /૦૫/૧૯૫૩ | ટુકડાની નોંધ |
| ૫૬ | ૬૧૦૧ | - | સ.ગ. હકક દાખલ/કમી અંગેની નોંધ |
| ૫૭ | ૬૫૧૯ | /૧૨/૧૯૫૭ | ખેડ હકક દાખલ અંગેની નોંધ |
| ૫૮ | ૬૫૨૦ | ૨૮/૧૨/૧૯૫૬ | દુરસ્તી પત્રક અંગેની નોંધ |

| | | | |
|---|---|---|---|
| ૫૯ | ૬૯૬૩ | ૧૩/૦૯/૧૯૬૦ | વેચાણ અંગેની નોંધ |
| ૬૦ | ૧૨૨૯૯ | ૨૫/૦૧/૧૯૬૮ | ટુકડા કમીની નોંધ |
| ૬૧ | ૧૭૦૩૦ | ૦૩/૦૮/૧૯૭૯ | હકક પ્રાપ્ત અંગેનીનોંધ |
| ૬૨ | ૧૭૭૭૦ | ૦૧/૦૮/૧૯૮૧ | ગ.ધા.ક.૬૩ ની પરવાનગી અંગેની નોંધ |
| ૬૩ | ૧૭૯૬૩ | ૦૧/૧૨/૧૯૮૧ | વેચાણ અંગેની નોંધ (રદ) |
| ૬૪ | ૧૮૧૯૦ | ૧૪/૦૪/૧૯૮૨ | વેચાણ અંગેનીનોંધ (રદ) |
| ૬૫ | ૧૮૬૧૨ | ૨૧/૦૧/૧૯૮૩ | વેચાણ અંગેની નોંધ |
| ૬૬ | ૨૧૫૬૫ | ૧૬/૦૯/૧૯૮૮ | વેચાણ વેરાના બોજા દાખલ અંગેની નોંધ |
| ૬૭ | ૨૧૫૮૦ | ૦૧/૧૦/૧૯૮૮ | વેચાણ અંગેની નોંધ |
| ૬૮ | ૩૫૫૨૪ | ૧૭/૦૫/૨૦૦૮ | બોજા મુકિત અંગેની નોંધ (રદ) |
| ૬૯ | ૩૬૦૨૮ | ૦૩/૧૦/૨૦૦૮ | વેચાણ અંગેનીનોંધ |
| ૭૦ | ૪૪૨૯૪ | ૧૫/૦૪/૨૦૧૪ | કબજેદાર નામફેર અંગેની નોંધ |
| | | સર્વે નં.૩૭૫/૧/અ | |
| ૭૧ | ૪૦૦૧ | ૧૭/૦૬/૧૯૪૩ | વેચાણ અંગેની નોંધ |
| ૭૨ | ૪૦૦૭ | ૨૫/૦૬/૧૯૪૩ | ગીરો મુકિત અંગેની નોંધ |
| ૭૩ | ૫૧૮૫ | - | સં.ગ. હકક પ્રાપ્ત અંગેની નોંધ |
| ૭૪ | ૫૨૧૧ | ૦૨/૦૩/૧૯૫૦ | વહેંચણી અંગેની નોંધ |
| ૭૫ | ૫૪૦૧ | ૦૫/૦૧/૧૯૫૨ | દુરસ્તી પત્રક નં.૫ અંગેની નોંધ |
| ૭૬ | ૫૫૦૪ | /૦૫/૧૯૫૩ | ટુકડાની નોંધ |
| ૭૭ | ૫૫૪૭ | ૧૦/૧૦/૧૯૫૩ | બક્ષિસ અંગેની નોંધ |
| ૭૮ | ૬૨૨૦ | ૨૧/૦૮/૧૯૫૬ | સા.ગ. નામ દાખલ અંગેની નોંધ |
| ૭૯ | ૬૨૯૭ | ૨૯/૦૮/૧૯૫૬ | સા.ગ. નામ કમી /દાખલ અંગેની નોંધ (નામંજુર) |
| ૮૦ | ૬૮૧૧ | ૧૫/૧૧/૧૯૫૮ | નામ કમી / દાખલ અંગેની નોંધ |
| ૮૧ | ૭૫૯૪ | ૧૯/૧૧/૧૯૬૨ | વેચાણ અંગેની નોંધ |
| ૮૨ | ૧૧૪૨૭ | ૦૭/૦૮/૧૯૬૬ | ૮૮ બ નું પ્રમાણપત્ર અંગેની નોંધ |
| ૮૩ | ૧૨૨૯૯ | ૨૫/૦૧/૧૯૬૮ | ટુકડાકમીની નોંધ |
| ૮૪ | ૨૧૫૬૫ | ૧૬/૦૯/૧૯૮૮ | વેચાણવેરાની બોજો દાખલ અંગેની નોંધ |
| ૮૫ | ૩૫૫૨૪ | ૧૭/૦૫/૨૦૦૮ | બોજા મુકિત અંગેની નોંધ (રદ) |
| ૮૬ | ૩૮૭૫૦ | ૨૯/૧૧/૨૦૧૦ | હકક કમી અંગેની નોંધ (રદ) |
| ૮૭ | ૪૪૨૯૨ | ૧૫/૦૪/૨૦૧૪ | કબજેદાર નામફેર અંગેની નોંધ |
| ૮૮ | ૪૪૨૯૩ | ૧૫/૦૪/૨૦૧૪ | કબજેદાર નામફેર અંગેની નોંધ |
| ૮૯ | ૪૪૨૯૪ | ૧૫/૦૪/૨૦૧૪ | કબજેદાર નામફેર અંગેની નોંધ |
| ૯૦ | ૪૫૧૭૦ | ૦૪/૧૨/૨૦૧૪ | હુકમ અંગેની નોંધ |
| ૯૧ | ૪૭૧૮૬ | ૦૭/૦૪/૨૦૧૬ | હુકમ અંગેની નોંધ |
| ૯૨ | ૪૭૭૬૫ | ૨૬/૦૮/૨૦૧૬ | હુકમ અંગેની નોંધ |
| ૯૩ | ૪૮૨૫૪ | ૧૯/૦૧/૨૦૧૭ | હુકમ અંગેની નોંધ |
| ૯૪ | ૪૮૭૪૯ | ૧૬/૦૬/૨૦૧૭ | હુકમ અંગેની નોંધ |
| ૯૫ | ૪૯૧૮૨ | ૨૨/૦૯/૨૦૧૭ | કે.જે.પી. દુરસ્તી અંગેની નોંધ |
| ૯૬ | ૫૦૧૮૧ | ૦૭/૦૭/૨૦૧૮ | હુકમ અંગેની નોંધ |
| ૯૭ | ૫૦૭૯૭ | ૦૭/૦૭/૨૦૧૮ | હુકમ અંગેની નોંધ |

ઉપરોકત હકીકત તથા રજુ થયેલ આધાર પુરાવા તેમજ કેસના કાગળો જોતાં આ અંગે આમુખ–(૧) તથા (૧૩) માં જણાવેલ સરકારશ્રીના ઠરાવની જોગવાઈઓ તથા ઉકત આમુખ–(૨) થી (૧૨) ના અભિપ્રાયો ધ્યાને લેતાં સવાલવાળી જમીનમાં <u>શોપ+ઓફિસના</u> હેતુસર બીનખેતી પરવાનગી આપવામાં આવશે તો જે કોઈ શરતો પાળવાની થશે તે પાળવા અરજદારે સંમતિ જવાબ

આપેલ છે. સવાલવાળી જમીનમાં અગાઉ બીનખેતી પરવાનગી આપવામાં આવેલ હતી. જે જમીન હાલના અરજદારશ્રીએ રજી. વેચાણ દસ્તાવેજ આધારે વેચાણ રાખેલ છે. અને સવાલવાળી જમીનમાં <u>શોપ+ઓફિસના</u> હેતુ માટે લે. રે. કોડની કલમ–૬૫(એ)/૬૭ હેઠળ હેતુફેરની રીવાઈઝ બીનખેતી પરવાનગી માંગેલ છે. સવાલવાળી જમીન સ્થળે ખુલ્લી હોઈ લે.રે.કોડની કલમ–૬૭ હેઠળ નિયમોનુસાર દંડ વસુલ લઈ, સવાલવાળી જમીનમાં અરજદારશ્રીની શોપ+ઓફિસના હેતુ માટે બીનખેતીમાં ફેરવવા અંગેની માંગણી ગ્રાહય રાખતાં, અરજદારને સદરહુ જમીનના રૂપાંતર કરની રકમ ₹૧,૮૯,૩૪૨/– તથા માપણી ફીની રકમ ₹૧,૨૦૦/–, સવાલવાળી જમીનમાં લે.રે.કોડની કલમ–૬૭ હેઠળ રીવાઈઝ પરવાનગીના કામે ૪૦ પટ દંડની રકમ ₹૧,૧૩,૬૦૬/– તથા સવાલવાળી જમીનમાં બીનખેતી મળ્યે પૂર્વે કરેલ બાંધકામ અંગે ૪૦ પટ દંડની રકમ ₹૧,૧૩,૬૦૬/– સરકારશ્રીમાં ચલનથી જમા કરાવવા અત્રેના આમુખ–(૧૫) ના પત્રથી જણાવતાં, અરજદારશ્રીએ રૂપાંતર કર ₹૧,૮૯,૩૪૨/– (અંકે રૂપિયા એક લાખ નેવ્યાસી હજાર ત્રણંસો બેતાલીસ પુરા), માપણી ફીની રકમ ₹૧,૨૦૦/– (અંકે રૂપિયા એક હજાર બસો પુરા), લે.રે.કોડની કલમ–૬૭ હેઠળ રીવાઈઝ પરવાનગીના કામે ૪૦ પટ દંડની રકમ ₹૧,૧૩,૬૦૬/– (અંકે રૂપિયા એક લાખ તેર હજાર છસો છ પુરા) તથા બીનખેતી મળ્યે પૂર્વે કરેલ બાંધકામ અંગે ૪૦ પટ દંડની રકમ ₹૧,૧૩,૬૦૬/– (અંકે એક લાખ તેર હજાર છસો છ પુરા) સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાની આણંદની શાખામાં તા.૦૬/૦૪/૨૦૧૯ નાં રોજ જમા કરાવી અસલ ચલનો આમુખ–(૧૬) ના પત્રથી અત્રે રજુ કરેલ છે.

ઉકત રકમ સરકારશ્રીમાં જમા થયેલ છે કે કેમ ? તે અંગે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, આણંદ પાસે ખાત્રી કરાવતાં, જિલ્લા તિજોરી અધિકારીશ્રી, આણંદે આમુખ–(૧૭) ના પત્રથી ખાત્રી કરી સદરહુ રકમ સરકારશ્રીમાં જમા થયેલ છે તેમ જણાવેલ છે.

ચાલુ વર્ષનું જ બીનખેતી આકારનો દર ₹૨,૮૪૧/– તથા લોકલ ફંડ ₹૧,૪૨૧/– મળી કુલ ₹૪,૨૬૨/–, જમીન મહેસુલ પહોંચ નં.૯૮, તા.૨૬/૦૪/૨૦૧૯ તથા શિક્ષણ ઉપકર ₹૭૧૧/– જમીન મહેસુલ પહોંચ નં.૫૫, તા.૨૬/૦૪/૨૦૧૯ થી તલાટી કમ મંત્રીશ્રી, કરમસદ ધ્વારા સરકારશ્રીમાં વસુલ લીધેલ છે જેની પહોંચો રજુ થયેલ છે.

ઉપર મુજબની હકીકત હોઈ અરજદારને મોજે : કરમસદ, તા.જિ.આણંદના નવો સર્વે નં.૩૭૫/૧/અ (જુનો સર્વે નં.૩૭૪/૧/પૈકી, ૩૭૫/૧/અ, ૩૭૫/૨/અ તથા ૩૭૬) વાળી ૪૭૩૩–૫૫ ચો.મી. જમીનમાં ગુજરાત જમીન મહેસુલ ધારાની કલમ–૬૫(એ)/૬૭ અન્વયે <u>શોપ+ઓફિસના</u> હેતુ માટેનો હેતુફેરની રીવાઈઝ બીનખેતીનો ઉપયોગ કરવા નીચેની શરતોને આધીન પરવાનગી આપવામાં આવે છે.

<u>શ ર તો</u> :–

(૧) જમીનના કબજેદારે દર ચોરસ મીટરે ૦.૬૦ પૈસાના દરે બીન ખેતીનો ધારો ₹૨,૮૪૧.૦૦ ન.પૈ. આપવા પડશે.

(૨) બીનખેતીના ઉપયોગ માટે હુકમ કર્યા તારીખથી છ માસની અંદર બાંધકામ ચાલુ કરવું પડશે. અને ત્રણ વર્ષની અંદર પુરુ કરવું પડશે. તેમ કરવામાં ચુક થશે તો બીન ખેતીની ઉપજ અને દંડ લેવામાં આવશે તેમજ ઉપરોકત પરવાનગી આપમેળે રદ થયેલી ગણાશે.

(૩) કબજેદારે બીન ખેતી ઉપયોગ ચાલુ કર્યાની એક માસની અંદર મામલતદારશ્રી/સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટશ્રીને બીન ખેતી ઉપયોગ ચાલુ કર્યાના લેખીત જાણ કરવી તેમ કરવામાં ચુક થશે તો વિશેષધારા ઉપર દંડ લેવામાં આવશે તથા બાંધકામ પુરૂ થયે એક માસની અંદર અત્રે તેની જાણ કરવાની રહેશે.

(૪) કબજેદારે બીનખેતી પ્લોટ મેળવવા માપણી ફી ની રકમ ભરી છે. સદર પ્લોટની સર્વે ખાતેથી માપણી થયા મુજબ હુકમમાં તેમજ સનદમાં જણાવેલ ક્ષેત્રફળ અને વિશેષ ધારો (બદલાશે) સુધારવાને પાત્ર થશે.

(૫) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, આણંદ–વલ્લભવિદ્યાનગર–કરમસદ શહેરી વિકાસ સત્તામંડળ, આણંદના આમુખ–(૧૪) ના પત્રથી જણાવેલ શરતોને આધીન મંજુર કરેલ પ્લાન મુજબનું બાંધકામ કરવું પડશે. અગાઉથી લેખિત પરવાનગી લીધા સિવાય કોઈપણ વધારાનું તથા નવું બાંધકામ કરી શકાશે નહીં.

(૬) પ્લાનમાં નકકી કર્યા પ્રમાણે જે હેતુ માટે પરવાનગી આપવામાં આવી છે તે હેતુ માટે જ ઉપયોગ કરવાનો રહેશે. આ સિવાયનો બીજો કોઈપણ ઉપયોગ લે. રે. કો. ક. ૪૮(૪) મુજબ પ્રતિબંધિત છે, બાંધકામનો ઉપયોગ જો બદલવાનો હશે તો અગાઉથી અત્રેની મંજુરી લેવાની રહેશે.

(૭) એકદમ સળગી જાય તેવા પદાર્થો મકાનના બાંધકામમાં વાપરવા નહીં.

(૮) કોઈ પણ ખાળકુવો જો તેને યોગ્ય રીતે ચોખ્ખુ રાખવાની વ્યવસ્થા ન હોય તો કરવો નહીં.

(૯) પીવાના પાણીના કૂવાથી ૧૦૦ ફુટના અંતરમાં ખાળકૂવો કરવો નહીં. અગર ઉપયોગમાં લેવો નહીં.

(૧૦) સવાલવાળી જમીનમાં મુખ્ય કારોબારી અધિકારીશ્રી, આણંદ–વલ્લભવિદ્યાનગર–કરમસદ શહેરી વિકાસ સત્તામંડળ, આણંદે આમુખ–(૧૪) ના પત્રથી જણાવ્યા મુજબ વૃક્ષો ઉછેરવાના રહેશે.

(૧૧) કંમ્પાઉન્ડની દિવાલ કરવાની હોય તો સાડા ત્રણ ફુટ કરતાં ઉંચી કરવી નહીં.

(૧૨) આ પરવાનગી ગણોતધારા તેમજ ટોચમર્યાદા ધારાની જોગવાઈઓને આધિન છે. જે કબજેદાર / માલિકને બંધનકર્તા રહેશે.

(૧૩) સવાલવાળી જમીન અંગે ગામે લાગુ પડતા બીનખેતી ધારાની રકમ ₹૨,૮૪૧.૦૦ ન.પૈ., લોકલ ફંડ ₹૧,૪૨૧.૦૦ ન.પૈ. તથા શિક્ષણ ઉપકરની રકમ ₹૭૧૧.૦૦ ન.પૈ. દર વર્ષે નિયમિત રીતે ભરવાના રહેશે.

(૧૪) બાંધકામ ચાલુ કર્યા પછી બે માસની અંદર કબ્જેદારે નમુના "એમ" માં હુકમમાં જણાવેલ શરતો તેમાં દાખલ કરવી. અન્યથા પરવાનગી રદ થશે.

(૧૫) રીબન ડેવલપમેન્ટ રૂલ્સનો ભંગ થાય તે રીતે બાંધકામ કરી શકાશે નહીં.

(૧૬) મંજૂર થયેલા વિકાસ નકશાના વિનિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.

(૧૭) આ જમીનના કબજેદારોને સદરહું બીન ખેતી પરવાનગીથી સને ૧૯૫૪ના મુંબઈ નગર રચના અધિનિયમની કલમ ૧૨–૨૯ મુજબ નગરપાલિકા પાસેથી કમેન્સમેન્ટ સર્ટિફીકેટ

મેળવવામાંથી મુક્તિ મળતી નથી જેથી પરવાનગી મુજબનું ખેતી સિવાયનું બાંધકામ શરૂ કરતા પહેલા નગરપાલિકા પાસેથી કમેન્સમેન્ટ સર્ટિફીકેટ મેળવવું પડશે.

(૧૮) સરકારશ્રી તરફથી નકકી કરેલ (વિશેષધારો) બીનખેતી ધારા ઉપરાંત લોકલ ફંડ તથા શિક્ષણ ઉપકરની નિયમોનુસાર કબજેદારે ભરવાની રહેશે. તથા વખતો વખત જે કોઈ ફેરફાર થાય તે બંધનકર્તા રહેશે.

(૧૯) આ સદર જમીનના પ્લોટ વેચાણ રાખનારાઓને ઉકત શરતોની લેખીત જાણ કરવાની રહેશે અને વેચાણ રાખનારાઓએ આ શરતોનું પાલન કરવુ પડશે.

(૨૦) આ પરવાનગી વિરૂધ્ધ કોઈપણ પ્રકારનું બાંધકામ કરવામાં આવશે અગર કરેલું બાંધકામ જે ઉપયોગ માટે મંજુર કરેલ હશે તેના સિવાય બીજા કોઈ પ્રકારના ઉપયોગમાં લેવામાં આવશે તો તેને દુર કરવા અગર ઉપયોગ બદલવા કલેકટરશ્રી કાયદેસર ફરમાન કરી શકશે અને જો નિયત કરેલ સમયમર્યાદામાં તે ઉપયોગ બંધ ન થાય અગર બાંધકામ દુર ન થાય તો સરકારી રાહે દુર કરવા પગલા લેવામાં આવશે અને તે અંગેનો તમામ ખર્ચ કબજેદાર પાસેથી જમીન મહેસુલ ની બાકી તરીકે વસુલ કરવાને પાત્ર થશે.

(૨૧) વરસાદી પાણીના ભુગર્ભ વહન/સંચય માટે (નકશા મંજૂર કરવાની સત્તા ધરાવતાં સત્તાધિકારીશ્રીએ આપેલ મંજૂરી મુજબ) પરકોલેટીંગ બોરવેલની વ્યવસ્થા કરવાની રહેશે.

(૨૨) સવાલવાળી જમીનમાં રાખવામાં આવેલ કોમન પ્લોટનો હકક સર્વે પ્લોટ હોલ્ડરોનો રહેશે અને ઉપયોગ કરી શકશે તથા પ્લોટના વેચાણ વખતે તે બાબતનો ઉલ્લેખ કરવાનો રહેશે.

(૨૩) પાણીના કુદરતી વહેણને અવરોધરૂપ ન થાય તે રીતે બાંધકામ કરવાનું રહેશે. બાંધકામ કરવામાં આવનાર વિસ્તારમાં પાણી ભરાઈ ન રહે તે પ્રમાણેનું આયોજન કરવાનું રહેશે. કાંસની હદ છોડીને બાંધકામ કરવાનું રહેશે તથા ઉદ્યોગ કે ઘર વપરાશનું પ્રદૂષિત/ગંદુ પાણી કાંસમાં છોડી શકાશે નહી.

(૨૪) સર્વે નંબરની આગળથી પસાર થતી નહેરની હદ છોડીને તેમજ અન્ય બાગાયતદારોને સિંચાઈ સુવિધામાં વિક્ષેપ ન પડે તે રીતે બાંધકામ કરવાનું રહેશે.

(૨૫) નદીના ડુબમાં જતા વિસ્તારોમાં કોઈ પરવાનગી આપવાની રહેશે નહીં.

(૨૬) નદી કિનારાથી અથવા તો ડુબમાં જતા વિસ્તારથી ૧૫.૦ મીટરનું માર્જીન છોડાવાનું રહેશે.

(૨૭) હયાત નાળીયા રસ્તાના કિસ્સામાં મધ્ય રેખાથી ૯.૦ મીટર અંતર રાખવાનું રહેશે. કે જેથી ભવિષ્યમાં વિકાસ યોજનાના રસ્તા તરીકે રાખી શકાય. તે ધ્યાને લઈ બાકી રહેતા પ્લોટમાં પરવાનગી આપવાની રહેશે.

(૨૮) વર્ગિકૃત રસ્તાથી બિલ્ડીંગ કન્ટ્રોલ લાઈનના ભાગમાં કોઈપણ પ્રકારનું બાંધકામ આપવાનું રહેશે નહીં. જેથી ભવિષ્યમાં તે રસ્તાઓને વિકાસ યોજનાના રસ્તાઓ તરીકે પહોળા કરી શકાય.

(૨૯) સવાલવાળી જમીન અંગે નામદાર દિવાની કોર્ટમાં કોઈ કોર્ટ કેસ ચાલુમાં હશે તો તેમાં જે આખરી નિકાલ થશે તે મુજબ અમલવારી કરવાની રહેશે.

(૩૦) કબજેદાર જો ઉપરોકત શરતોનો ભંગ કરશે અને જો જમીન ખેતીની પોતાના કબજામાં ચાલુ રાખશે તો તે લેન્ડ રેવન્યુ કોડની કલમો અને રુલ્સના નિયમોને અનુલક્ષીને કલેકટર અગર બીનખેતીની પરવાનગી આપનાર અધિકારી ફરમાવે તે પ્રમાણે તેમણે ઉપજ દંડ વસુલ આપવા પડશે.

મોજે : કરમસદ, તા.જિ.આણંદના નવો સર્વે નં.૩૭૫/૧/અ (જૂનો સર્વે નં.૩૭૪/૧/પૈકી, ૩૭૫/૧/અ, ૩૭૫/૨/અ તથા ૩૭૬) વાળી ૪૭૩૩–૫૫ ચો.મી. જમીન પરત્વે.

નિવાસી અધિક કલેકટર
આણંદ

પ્રતિ
કોમેન્ટ પેઈન્ટસ પ્ર.લી.વિ.વિ.નગરના ડાયરેકટર,
શ્રી પરેશ આનંદભાઈ અમીન,
ઠે.૨૦, શ્રીજીધામ સોસાયટી, એસ.કે. સીનેમા પાછળ,
લાંભવેલ રોડ, મુ.પો.લાંભવેલ, તા.જિ.આણંદ

(રજીસ્ટર પોસ્ટ એ. ડી. દ્વારા)

**નકલ રવાના :–**

૧. મામલતદારશ્રી, આણંદ (ગ્રામ્ય) તરફ આગળની જરૂરી કાર્યવાહી કરવા સારૂ
૨. ચીફ એકઝીકયુટીવ ઓથોરીટીશ્રી, આણંદ–વિદ્યાનગર–કરમસદ શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળ અને પ્રાંત અધિકારીશ્રી, આણંદ તરફ જાણ સારૂ.
૩. પ્રાંત અધિકારીશ્રી, આણંદ તરફ જાણ સારૂ.
૪. ચીફ ઓફીસરશ્રી, કરમસદ નગરપાલિકા, કરમસદ જાણ સારૂ.
૫. જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર, આણંદ તરફ(માપણી ફીના અસલ ચલણ સાથે)
૬. સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી, કરમસદ તરફ આગળની જરૂરી કાર્યવાહી કરવા સારૂ.
૭. તલાટી કમ મંત્રીશ્રી, કરમસદ તરફ હુકમ મુજબ અમલવારી કરવા સારુ તથા ગામ દફતરે ઉપરોકત શરતોનો ફેરફાર નોંધમાં જરૂરી ઉલ્લેખ કરી ફેરફાર નોંધ પાડવા સારૂ.
૮. રેકર્ડ શાખા
૯. સિલેકટ ફાઈલ

**સરકારશ્રીના મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક : બખપ/૧૦૭૯/૩૯૧૧૫/ક, તા. ૧૭/૨૨–૭–૭૯ થી નકકી થયા મુજબ લે. રે. કોડની કલમ–૬૫(એ)/ ૬૭ હેઠળ હેતુફેરની રીવાઈઝ મંજુરીના હુકમ સાથે સામેલ રાખવાનું પત્રક .**

| બીનખેતી પરવાનગી આપેલ જમીનના સ. નં., ગામ તથા કબેજદારનું નામ | | બીનખેતીની પરવાનગી આપેલ જમીનનું ક્ષેત્રફળ ચો.મી.માં | નિયમ મુજબ લેવાપાત્ર બીનખેતી આકારનો દર તથા કેવા પ્રકારનો બીનખેતી ઉપકર કરવાનો છે. તેની વિગત |
|---|---|---|---|
| ૧. | | ૨. | ૩. |
| ગામ | : કરમસદ | | |
| સર્વે નંબર | : નવો સર્વે નં૩૭૫/૧/અ (જુનો સર્વે નં.૩૭૪/૧/પૈકી, ૩૭૫/૧/અ, ૩૭૫/૨/અ, ૩૭૬) | ૪૭૩૩–૫૫ ચો.મી. | ૦.૬૦ પ્રતિ ચો.મી. શોપ+ઓફિસ |
| ટી. પી. સ્કીમ નં. | : — | | |
| ફા. પ્લોટ નં. | : — | | |
| કબજેદારનું નામ | : કોમેન્ટ પેઈન્ટસ પ્ર.લી.વિ.વિ.નગરના ડાયરેકટર શ્રી પરેશ આનંદભાઈ અમીન | | |

| વસુલ કરવાના આકારની કુલ રકમ | રૂપાંતર કર લેવાનો હોય તો તેની રકમ | શિક્ષણવેરો લેવાનો હોય તો તેની રકમ | અન્ય કોઈ વેરો વસુલ કરવાનો હોય તો તેની રકમ (લોકલ ફંડ) | કોલમ ૪, ૬, ૭ વેરો કઈ તારીખથી વર્ષથી લેવાનો છે. |
|---|---|---|---|---|
| ₹ માં | ₹ માં | ₹ માં | ₹ માં | ₹ માં |
| ૪. | ૫. | ૬. | ૭. | ૮. |
| ૨,૮૪૧/– | ૧,૮૯,૩૪૨/– | ૭૧૧/– | ૧,૪૨૧/– | હુકમની તારીખના વર્ષથી |

કોલમ–૫ મુજબ રૂપાંતર કર, માપણી ફી ₹૧,૨૦૦/– તથા સવાલવાળી જમીનમાં લે.રે.કોડની કલમ–૬૭ હેઠળ રીવાઈઝ પરવાનગીના કામે ૪૦ પટ દંડની રકમ ₹૧,૧૩,૬૦૬/– તથા સવાલવાળી જમીનમાં બીનખેતી મળ્યે પૂર્વે કરેલ બાંધકામ અંગે ૪૦ પટ દંડની રકમ ₹૧,૧૩,૬૦૬/–, તા.૦૬/૦૪/૨૦૧૯ થી સરકારશ્રીમાં જમા કરાવેલાનું અસલ ચલન રજુ થયેલ છે.

ચાલુ વર્ષનું જ બીનખેતી આકારનો દર ₹૨,૮૪૧/– તથા લોકલ ફંડ ₹૧,૪૨૧/– મળી કુલ ₹૪,૨૬૨/–, જમીન મહેસુલ પહોંચ નં.૯૮, તા.૨૬/૦૪/૨૦૧૯ તથા શિક્ષણ ઉપકર ₹૭૧૧/– જમીન મહેસુલ પહોંચ નં.૫૫, તા.૨૬/૦૪/૨૦૧૯ થી તલાટી કમ મંત્રીશ્રી, કરમસદ ધ્વારા સરકારશ્રીમાં વસુલ લીધેલ છે જેની પહોચો રજુ થયેલ છે.

કલેકટર આણંદ

નિવાસી અધિક કલેકટર
આણંદ

નં. જમન–૧/એન.એ./૬૫(એ)–૬૭/એસ.આર./૧૪૨/૨૦૧૮–૧૯/વશી/ ૫૯૦૨ થી ૫૯૨૨
જિલ્લા કલેકટરની કચેરી,
આણંદ. તા.૨૦/૦૫/૨૦૧૯.